કેસ પ્રાપ્તી તારીખ–૬/૧૦/૨૦૨૨
કેસ દાખલ તારીખ–૬/૧૦/૨૦૨૨
કેસ નિર્ણીત તારીખ–૨૦/૧૦/૨૦૨૨
અવધીઃ ૦૦ વર્ષ ૦૦ માસ ૧૪ દિવસ

**મે નર્મદા જીલ્લાના પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

**મુ. રાજપીપલા.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૩૪૧/૨૦૨૨**

આંક–

રોહીત અનિલ વર્મા
ઉ.આ.વ. ૩૨, ધંધો : ખાનગી નોકરી
રહેવાસીઃ ૧૦, એ/૧૧, જી–૪,
વસુંધરા, ગાજીયાબાદ,
ઉત્તરપ્રદેશ રાજય. ..............................................**અરજદાર**

**:: વિ રૂ દ્ધ ::**

ધી સ્ટેટ ઓફ ગુજરાત ..............................................**સામાવાળા**

**અરજ**– ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબની જામીન અરજી.

————————————————————————————————

અરજદાર તરફે વિ.વ.શ્રી **એસ.કે. જોષી**
સામાવાળા તરફે વિ. પી.પી.શ્રી **જે.જે. ગોહીલ**

————————————————————————————————

**:: જ જ મે ન્ટ ::**

(૧) અરજદાર/આરોપી તરફે રાજપીપળા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–પાર્ટ એ. ૧૧૮૨૩૦૧૭૨૧૧૧૫૬/૨૦૨૧, ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૫૦૦ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬ (ડી) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલા કારણોને ધ્યાને લઈ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી રજૂ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ આપેલ અરજી તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવેલ છે. અરજી દાખલ કરી સરકારપક્ષને નોટીસ કરવામાં આવતા વિ. પી.પી. શ્રી હાજર થયેલા છે અને તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજૂ કરેલ છે તે તથા પોલીસ પેપર્સ રજૂ થયેલ છે, તે વંચાણે લેવામાં આવેલ છે. પક્ષકારોના વિ.વ. શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે. અરજદારપક્ષે આંક–૬ ના લીસ્ટથી રજૂ કરેલ રીપ્લાય તથા એફીડેવીટ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) અરજદારના વિ.વ.શ્રી એસ. કે. જોષીએ તેઓની દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે રાજપીપળા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–પાર્ટ એ. ૧૧ ૮૨૩૦૧૭૨૧૧૧૫૬/૨૦૨૧, ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૫૦૦ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬ (ડી) મુજબના ગુના નોંધાયેલા છે. સદરહુ ગુનાના કામે અરજદાર સહિત કુલ પંદર આરોપીઓને અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલ નથી તેમ છતાં ખોટો કેસ કરેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવા મળી આવેલા નથી. અરજદારને વોટસ–એપ ચેટના આધારે આરોપી બનાવવામાં આવેલા છે. આ કામે જે કોઈ ખોટી માર્કશીટો તેમજ ડીગ્રી સર્ટીફીકેટો બનાવવામાં આવેલા છે તે આરોપી નંબર–૧ નાએ બનાવેલા છે. જે કોઈ માર્કશીટો કે સર્ટીફીકેટો બનાવેલા છે તેનું કોઈ વેરીફીકેશન કરવામાં આવેલ નથી. અરજદારના ઘરેથી ઝડતી તપાસ દરમ્યાન કોઈપણ પ્રકારના દસ્તાવેજો, માર્કશીટ, સર્ટીફીકેટ મળી આવેલ નથી તેમજ તે જે સહ–આરોપીઓના ઘરેથી બનાવટી દસ્તાવેજો, માર્કશીટ, સર્ટીફીકેટ મળી આવેલ છે તેને પણ નામદાર ગુજરાત

હાઈકોર્ટે જામીન મુકત કરેલા છે. હાલના અરજદાર/આરોપીથી વધારે ભૂમિકા જેમની આ ગુનામાં હતી તેઓને પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલા છે તેમજ અત્રેની સેશન્સ કોર્ટે પણ અન્ય આરોપીઓને જામીન મુકત કરેલા છે ત્યારે આ કામના અરજદાર/ આરોપીને પેરીટીના સિધ્ધાંત આધારે જામીન મળવાપાત્ર થાય છે. જે વ્યકિતઓએ ખોટા દસ્તાવેજો, માર્કશીટ, સર્ટીફીકેટ બનાવડાવેલ છે તેઓને આરોપી બનાવેલા નથી. સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી જે.એમ.એફ.સી. કક્ષાની કોર્ટમાં ચાલવાપાત્ર છે. અરજદારનો કોઈ ગુનાહીત ભૂતકાળ નથી. આ ગુનાના કામે ચાર્જશીટ થઈ ગયેલ હોઈ સાક્ષી, પુરાવા સાથે ચેડા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદાર/આરોપી ઉપરોકત સરનામે રહે છે અને તે કયાંય નાસી–ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ વખતે નિયમિત હાજર રહેવાની ખાત્રી આપે છે. જેથી અરજદારની દલીલો તથા રજૂ કરેલ સાઈટેશનો ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે માંગણી કરેલ છે.

(૪) આ કામે વિ. પી.પી.શ્રી જે. જે. ગોહીલે તેઓની દલીલો કરીને જણાવેલ છે કે, હાલના અરજદાર સહિતના આરોપીઓએ ભેગા મળી બિરસા મુન્ડા ટ્રાયબલ યુનિવર્સીટીના નામની ખોટી વેબસાઈટ બનાવી તથા ઈ–મેઈલ આઈ.ડી વિગેરે બનાવેલ છે અને તમામ આરોપીઓ ધ્વારા ભેગા મળી, એકબીજાના સંપર્કમાં રહી વિવિધ યુનિવર્સીટીઓની ખોટી માર્કશીટો તથા સર્ટીફીકેટો પાછલી તારીખના બનાવેલ છે અને બનાવડાવેલ છે. હાલના અરજદાર મુખ્ય આરોપી સાથે સંકળાયેલા હતા અને સંપર્કમાં હતા. મુખ્ય આરોપીના ઘરેથી ઘણા બનાવટી દસ્તાવેજો, માર્કશીટો, સર્ટીફીકેટો મળી આવેલ છે. અગાઉ અત્રેની સેશન્સ કોર્ટે અરજદારની જામીન અરજી ના–મંજુર કરેલી છે. હાલની જામીન અરજી ચાર્જશીટ પછીની છે, ચાર્જશીટ થવાથી કોઈ સંજોગો બદલાયા નથી. અરજદાર/આરોપી સામે પ્રાયમાફેસી કેસ છે. સાયબર ક્રાઈમનું પ્રમાણ વધી ગયેલ છે. અરજદારને જો જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી આ જ પ્રકારના ગુના આચરશે. મુદત તારીખે હાજર નહી રહે અને પુરાવા નાશ કરે તેવી શકયતા છે. તેથી ગુનાની ગંભીરતા તથા કેસની હકીકતો જોતા હાલના અરજદાર/આરોપીની જામીન અરજી ના–મંજુર કરવા વિ.પી.પી.શ્રી તરફથી દલીલ રજુઆત કરવામાં આવેલ છે.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું આંક–૫ વંચાણે લેતા અરજદાર સહિતના આરોપીઓ સામે રાજપીપળા પોલીસ સ્ટેશન

ગુના રજીસ્ટર નંબર–પાર્ટ એ. ૧૧૮૨૩૦૧૭૨૧૧૧૫૬/૨૦૨૧, ભારતીય ફોજદારી ધારા કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૫૦૦ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬ (ડી) મુજબના ગુના નોંધાયેલા છે. બનાવની હકીકત પ્રમાણે આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકારશ્રી ધ્વારા ક્રમાંકઃ GS/ SH/5/ANS/202016/319/P-1G નોટીફીકેશનથી બીરસા મુન્ડા ટ્રાયબલ યુનિવર્સીટી રાજપીપળાની સ્થાપના થયેલ હોઈ જે યુનિવર્સીટીની બિનઅધિકૃત રીતે http://bmtu-gujarat.cmo ઈ–મેઈલ અને વેબ–સાઈટ અને યુનિવર્સીટી ખોટી (બનાવટી) બનાવી તેમાં ફરીયાદી તેમજ કુલપતિશ્રી ડો. મધુકરભાઈ એસ. પાડવીનો ફોટો તેમજ માહિતી ખોટી અને બિનઅધિકૃત રજૂ કરી WES ના ઈ–મેઈલ આ.ડી. canvdr@wes.org canvdr @ wes.org પરથી બીરસા મુન્ડા યુનિવર્સીટીશ્રી રોહીત વર્મા સન ઓફ શ્રી અનિલ વર્માના વિવિધ પી.એચ.ડી. કોર્સના બિનઅધિકૃત/બનાવટી માર્કશીટ(BONAFIDE CERTIFICATE & TRANSCRIPTS AS PER RECORDS NOTIFICATION No. 971265/2021/1284, DATE- 18/09/2021) બનાવી આક્ષેપ મુજબના ગુના કરેલાનું તપાસમાં ખૂલેલ છે. તપાસ કરનાર અધિકારીએ આ ગુનાના કામમાં કુલ–૧૫ આરોપીઓને અટક કરેલા હતા અને બીજા પાંચ આરોપીઓ નાસતા ફરતા બતાવેલ છે. કુલ–૧૫ આરોપીઓ પૈકી આરોપી નંબર–૫ ભાર્ગવ દેવેન્દ્રભારતી ગોસ્વામી તથા આરોપી નંબર–૬ દિપેશભાઈ જયેશભાઈ બારોટ તથા આરોપી નંબર–૭ રોહીતકુમાર જયંતિલાલ પટેલ તથા આરોપી નંબર–૧૦ મુકેશભાઈ સુબ્રહમણીયામ નાયડુને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલા છે. સદરહુ આરોપી નંબર–૫, ૬, ૭ અને ૧૦ ની ભૂમિકા ધ્યાને લઈએ તો આરોપી નંબર–૫ ના મોબાઈલમાંથી વોટસ–એપ ચેટ મળેલ છે, તથા વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવા જ પ્રકારનો ગુનો નોંધાયેલ છે. આરોપી નંબર–૬ ની હકીકત ધ્યાનમાં લઈએ તો આરોપી નંબર–૬ ના ઘરેથી મહારાષ્ટ્ર બોર્ડ ધોરણ–૧૦ ના સર્ટીફીકેટ નંગ–૨, મહારાષ્ટ્ર બોર્ડનું ટ્રાન્સફર સર્ટીફીકેટ નંગ–૧ એમ.એસ. બોર્ડનું ટ્રાન્સફર સર્ટીફીકેટ નંગ–૧, જયદીપ વિદ્યામંદિર હાઈસ્કુલના સર્ટીફીકેટ નંગ–૩, મહારાષ્ટ્ર બોર્ડ ધોરણ–૧૨ ના સર્ટીફીકેટ નંગ–૨, મહારાષ્ટ્ર બોર્ડ પુણેનું ટ્રાન્સફર સર્ટીફીકેટ તથા માઈગ્રેશન સર્ટીફીકેટ, પ્રવેશ સર્ટીફીકેટ તથા ચરણસીંગ ચૌધરી યુનિવર્સીટીના સર્ટીફીકેટ નંગ–૮ તથા એસ્સાર કંપનીનું લેપટોપ વિગેરે કબજે કરવામાં આવેલ છે. આરોપી નંબર–૬ નાએ સાહેદ ઉદ્દેશ ભરત ચૌધરી તથા સાહેદ મૌલિક દશરથભાઈ પટેલના ખોટા સર્ટીફીકેટો બનાવેલા છે.

તે જ પ્રમાણેની ભૂમિકા આરોપી નંબર–૭ ની પણ છે. આરોપી નંબર–૧૦ ની ભૂમિકા ધ્યાને લઈએ તો તેઓએ પણ પાછળની તારીખના પ્રમાણપત્રો આરોપી નંબર–૧ સાથે મળી બનાવેલા છે. આ ચારેય આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલા છે. વધુમાં સદરહુ ગુનાના આરોપી નંબર–૩ પ્રણવકુમાર અશ્વિનભાઈ જાની તથા આરોપી નંબર–૪ અરણવ ઉમાશંકર ગુપ્તાને અત્રેની સેશન્સ કોર્ટે જામીન મુકત કરેલા છે.

હાલના અરજદાર રોહીત અનિલ વર્મા, તે આરોપી નંબર–૧૫ છે. તેઓની રજૂ થયેલ પોલીસ સામગ્રી ધ્યાને લઈએ તો તેઓએ આરોપી નંબર–૧ નો ફેશબુક ઉપર સંપર્ક કરેલો અને અરજદારષ્આરોપીએ તેના પોતાના કોન્ટેકવાળા કલાયન્ટોના બાયોડેટા આરોપી નંબર–૧ ને આપી ખોટી માર્કશીટો તથા સર્ટીફીકેટસ બનાવડાવેલ છે. આમ આરોપી નંબર–૫ ભાર્ગવ દેવેન્દ્રભારતી ગોસ્વામી તથા આરોપી નંબર–૬ દિપેશભાઈ જયેશભાઈ બારોટ તથા આરોપી નંબરઃ ૭ રોહીતકુમાર જયંતિલાલ પટેલ તથા આરોપી નંબરઃ ૧૦ મુકેશભાઈ સુબ્રહમણીયમ નાયડુનાઓની સદરહુ ગુનામાં જે ભૂમિકા છે તેમના કરતા ઓછી ભૂમિકા હાલના અરજદાર/આરોપીની હોવાનું પણ આ તબકકે જણાઈ આવે છે. આ સંબધમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ રમેશભાઈ બટુભાઈ ડાભી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.આર. ૨૦૧૧ (૩) પાના નંબર–૧૯૯૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચૂકાદો ધ્યાને લઈએ તો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જયારે ઉપલી અદાલતે સહ આરોપીની સી. આર. પી.સી. કલમ–૪૩૮ કે ૪૩૯ મુજબની જામીન અરજી મંજુર કરેલી હોય ત્યારે નીચેની અદાલતે તેમ વિચારવા અને તે પ્રમાણેની હકીકત તથા વિગતો હોય તો તે પ્રમાણે વર્તવા કટીબધ્ધ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો સદરહુ ચૂકાદો હાલના અરજદાર /આરોપીની જામીન અરજીને પણ લાગુ પડે છે.

આમ, આ કામે અરજદાર/આરોપી સામે ચાર્જશીટ થઈ ગયેલ છે તેમજ ઉપર ચર્ચા કર્યા મુજબ સદરહુ ગુનાના અન્ય આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમજ અત્રેની સેશન્સ કોર્ટે જામીન મુકત કરેલા છે ત્યારે પેરીટીના સિધ્ધાંત આધારે હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તેથી આ કામે અરજદાર/આરોપીની ગુનામાં ભૂમિકા તથા કેસની હકીકતો, સંજોગો, સજાની જોગવાઈઓ જોતા પણ અરજદાર/

આરોપીને કાચા કામના કેદી તરીકે જયુડીશીયલ કસ્ટડીમાં રાખી કેસ ચલાવવો યોગ્ય, વ્યાજબી તેમજ ન્યાયી હોવાનું જણાઈ આવતું નથી. જે તમામ સંજોગોમાં અરજદાર/ આરોપી તરફે આપેલ હાલની જામીન અરજી અંગે તેઓની તરફેણમાં ન્યાયિક વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ પણ ન્યાયના હીતમાં કરવો જરૂરી જણાય છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવી વ્યાજબી, ન્યાયી અને ઉચિત હોઈ આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપીએ તેઓની સામેના ઉપરોકત ગુનાના કામે રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન નીચેની અદાલતમાં રજૂ કરે તો તેઓને નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

૧. અરજદાર/આરોપીએ પોતાની ઓળખ અંગેના તથા હાલના તેમજ કાયમી સરનામા અંગેના દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજૂ કરવાના રહેશે તથા ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતની પૂર્વ મંજુરી સિવાય સરનામું બદલી શકાશે નહી.

૨. અરજદાર/આરોપીએ જામીન ખતમાં જણાવેલ તમામ વિગતો અને શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. અરજદાર/આરોપીએ આવા પ્રકારના કે બીજા કોઈપણ પ્રકારના ગુના કરવા નહી કે આચરવા નહી.

૪. અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક ધમકી આપી અથવા તો પ્રલોભનો આપી અથવા તો કોઈપણ રીતે ફરીયાદપક્ષના સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહી કે પોલીસોને તથા કોર્ટને ખરી હકીકત જણાવતા રોકશે કે રોકાવશે નહી તથા ટ્રાયલ પુરી થતા સુધી નિયમીતપણે કોર્ટમાં હાજર રહેવાનું રહેશે.

૫. અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ મંજુરી વિના ભારત દેશની હદ છોડવી નહી અને પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન આપતી વખતે રજૂ કરવાનો રહેશે અને જો પાસપોર્ટ ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

૬. અરજદાર/આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો જામીન આપોઆપ રદ થશે.

જામીન નીચેની કોર્ટમાં આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી કોર્ટ તથા જે તે પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ તારીખ–૨૦, ઓકટોબર ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૦/૭/૨૦૨૨
સ્થળ– રાજપીપળા.

(**અંબાલાલ રણછોડભાઈ પટેલ**)
સેશન્સ જજ, નર્મદા
મું. રાજપીપલા.
**(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૦૪૦૪)**